Managed by Jivan Jyot Trust, Amroli - Surat
J. Z. SHAH ARTS & H. P. DESAI COMMERCE COLLEGE, AMROLI - SURAT
Grant in Aid College Affiliated to Veer Narmad South Gujarat University, Surat
B. A. [Principal - Gujarati & Economics] - B. Com. [Eng. & Guj. Medium]
M. A. [Gujarati, English, Economics] - M. Com. [Accountancy - English & Gujarati Medium]
*Re-Accredited 'B++' (CGPA 2.94) by National Assessment And Accreditation Council Sept.-2019 Bengaluru*
*An ISO QMS - 9001 : 2015, EMS - 14001 : 2015 & OHSAS - 18001 : 2007 (IMS) Certified Institute*
YEARS OF CELEBRATION 1991 - 2020

**Out Ref. No.: 182/2020-21**
**Date :04-09-2020**

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞમહાશય,
સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપી આભારી કરશોજી.
સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ.કે.એન.ચાવડા)
આચાર્યશ્રી.

## "સિવિલ ડિફેન્સ(નાગરિક સંરક્ષણ)"
## વિષય પર ૨૩માં નેશનલ વેબીનારનું અમરોલી કોલેજ દ્વારા આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, પ્રો. વી. બી. શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર. વી. પટેલ કોલેજ ઓફ કોર્મસ, વી. એલ. શાહ કોલેજ ઓફ કોર્મસ, સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ તથા અમરોલી દ્વારા તા. ૦૪, સપ્ટેમ્બર ૨૦૨૦ શુક્રવારના રોજ "સિવિલ ડિફેન્સ(નાગરિક સંરક્ષણ)" વિષય અંતર્ગત **Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book** અને **Instagram** ના માધ્યમથી ૨૩માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. જીવન જ્યોત ટ્રસ્ટના આદરણીય મંત્રીશ્રી અશ્વિનભાઇ પટેલે તેમજ અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. જેમાં ધી વરાછા કો-ઓપરેટિવ બેન્ક લિ. ના ચેરમેન આદરણીયશ્રી કાનજીભાઇ ભાલાળા સર મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમજ સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાંથી ૪૨૬૯ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. આ ઉપરાંત દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના નવનિયુક્ત ઇન્ચાર્જ પ્રમુખશ્રી દિનેશ આર. નાવડિયા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતું તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર દ્વારા શ્રી દિનેશ આર. નાવડિયા સાહેબનું **SGCCI** ના નવનિયુક્ત ઇન્ચાર્જ પ્રમુખશ્રી તરીકે નિયુક્તી થવા બદલ શબ્દોથી અભિનંદન પાઠવ્યા હતા. તેમજ તમામ ઉપસ્થિત મહાનુભાવ દ્વારા આવકાર અને અભિવાદન કરવામાં આવ્યુ હતું. આદરણીયશ્રી દિનેશ આર. નાવડિયાએ ઉપસ્થિત તમામ શ્રોતામિત્રોને ચેમ્બર ઓફ કોમર્સની કામગીરી વર્ણવી હતી તેમજ ડાયમંડ બુર્સ દ્વારા હીરા ઉદ્યોગને એક નવી દિશા મળી રહેશે તેમ જણાવ્યુ હતું. કોરોનાની મહામારીમાં સુરતને આર્થિક રીતે ઘણુ મોટું નુકશાન થયુ છે જેથી સુરતની આર્થિક પ્રવૃતિઓને વેગવંતી બનાવવા માટેના જરૂરી પ્રયાસોની પણ તેમણે ચર્ચા કરી હતી.

આદરણીયશ્રી કાનજીભાઇ ભાલાળા સરે નાગરિક સંરક્ષણની વિગતવાર માહિતી પુરી પાડી હતી. જેમાં તેમણે નાગરિક સંરક્ષણ એટલે શુ?, તે શા માટે જરૂરી છે? તેની ખાસ ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે સામાન્ય નાગરિકને જો નાગરિક સંરક્ષણ દળની તાલિમ આપવામાં આવે તો કોઇ આપત્તિકાળ સમયમાં જેવી કે આગ, પૂર, ધરતીકંપ, જૈવિકશાસ્ત્રો કે અણુબોમ્બ દ્વારા હુમલામાં તેઓ સામાન્ય જનતાની મદદ કરી શકે છે. નાગરિક સંરક્ષણ દળ માટે સ્વયં સેવકો મળી રહે તે માટે વિવિધ સંસ્થાઓ દ્વારા જાહેર જનતાને જાગૃત કરવા માટે અપીલ કરી હતી. વેબીનારમાં અલગ-અલગ શૈક્ષણિક સંસ્થાના આચાર્યશ્રીઓ તેમજ અધ્યાપકમિત્રો જોડાયા હતા  જેમણે પણ પોતાની સંસ્થામાં નાગરિક સંરક્ષણ દળની તાલિમના વર્ગો શરૂ કરવાની આતુરતા દર્શાવી હતી. સુરત શહેરના કોઇ પણ નાગરિક સિવિલ ડિફેન્સ(નાગરિક સંરક્ષણ)માં સ્વયંસેવક તરીકે જોડાવવામાં માગતા હોય તો **www.amrolicollegesurat.ac.in** પર નોંધણી કરાવી શકશે.

દર્શક મિત્રોના વિવિધ પ્રશ્નોના જવાબ આદરણીયશ્રી કાનજીભાઇ ભાલાળા સરે જવાબ આપ્યા હતા.મુખ્ય વકતાશ્રીનો પરિચય ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી તેમજ આભારવિધિ ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીએ કરી હતી. વેબીનારનું સંચાલન જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઇ શાહ, અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, ડૉ. સેજલ દેસાઇ,  ઇનચાર્જ પ્રિ. ડૉ. મુકેશ ગોયાણી, ડૉ. મેહુલ શાહ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતા પૂર્વક  કરવામાં આવ્યું હતું.

**You Tube Link : https://youtu.be/LNSMERgJe1M**

E-mail : principal@acs.ac.in Website : www.acs.ac.in Ph. No. : (0261) 2499382-2495288-2495600-2409002
At. & Post : AMROLI-SURAT-394107, STATION : UTRAN (W.R.), TA. CHORYASI, DIST : SURAT, GUJARAT (INDIA) +91 90991 33386